૧૫, ઓકટોબર ૨૦૨૨



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહજીની દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત લઈ વેપાર–ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ...**

વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૮ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ સ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહજીની દિલ્હી ખાતે રૂબરૂ શુભેચ્છા મુલાકાત લઈ વેપાર–ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ.

જેમાં ખાસ કરીને ગુજરાત રાજયમાંથી પ્રોફેશન ટેક્ષ સંપુર્ણ પણે નાબુદ કરવો. GST અંતર્ગત વિવિધ ઔદ્યોગીક ઉત્પાદન એકમો પર GST દરમાં કરાયેલ વધારાને દુર કરવો. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષ સ્થાને સંકલન સમિતિની રચના કરવી અને તેમાં ગુજરાતની લીડીંગ ચેમ્બરોને પ્રતિનિધિત્વ આપી દર દોઢ માસે મિટીંગ બોલાવવી જેથી ગુજરાત રાજયના વેપાર–ઉદ્યોગકારોના નાના મોટા પ્રશ્નોનું નિરાકરણ લાવી વેપાર–ઉદ્યોગને વેગવંતુ બનાવી શકાય.

સમગ્ર ગુજરાતે GST કાયદાને આવકારેલ છે. પણ કાયદાના અમલીકરણમાં ઘણી નાના–મોટી વિસંગતતાઓ રહેલી છે જેનો ભોગ નાના વેપાર–ઉદ્યોગકારો બને છે. સાથો સાથ GST કાઉન્સીલની મિટીંગ દર ત્રણ મહિને મિટીંગ મળતી હોય જેમા દરેક રાજયના નાણામંત્રીશ્રી સભ્ય તરીકે હાજર થતા હોય આ કમિટિ GST કાઉન્સીલની મિટીંગ પહેલા આશરે ૧૫ દિવસમાં બોલાવવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની લીડીંગ ચેમ્બર ઓફ કોમર્સને પ્રતિનિધિત્વ આપવામાં આવે તો આ સંકલની મિટીંગમાં ગુજરાત રાજયના નાના–મોટા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય. માત્ર નિતીવિષયક નિર્ણયો માટે જ નાણામંત્રીશ્રી કેન્દ્રની GST કાઉન્સીલમાં રજુઆત કરે જેથી GST ના તમામ પ્રશ્નોનું સુખદ સમાધાન આવી શકે. તો તાત્કાલીક અસરથી GST સંકલન સમિતિની રચના કરવી, સાથો સાથ સરકારની વિવિધ કચેરીઓ CGST/SGST/MSME/LABOR/DIC ને વિશાળ જગ્યામાં એક જ પ્રિમાઈસીસમાં બનાવવી. તેમજ રાજકોટને MSME ભવન ફાળવવું.

આમ ગુજરાત રાજયના વેપાર–ઉદ્યોગના નાના–મોટા વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત છણાવાટ કરવી કેન્દ્રીય ગુહ મંત્રીશ્રી અમિતભાઈ શાહજી સમક્ષ રાજકોટ ચેમ્બર દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. આ વિવિધ રજુઆતોનું યોગ્ય નિરાકરણ લાવવા ગુહમંત્રીશ્રીએ ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.